# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

## સાદનો પ્રતિસાદ GUJARATI

India's National Spiritual Newspaper ₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ 16 Languages Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV APRIL 2023 NO: 02


**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**
ગીતશાસ્ત્ર ૧૧૩ : ૧-૯

૧. યહોવાની સ્તુતિ કરો. હે યહોવાના સેવકો, સ્તુતિ કરો. યહોવાના નામની સ્તુતિ કરો.

૨. યહોવાનું નામ આ વખતથી તે સર્વકાળ સુધી સ્તુત્ય થાઓ.

૩. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી યહોવાના નામની સ્તુતિ કરો.

૪. યહોવા બધી પ્રજાઓ પર સર્વોપરી અધિકારી છે, અને તેનું ગૌરવ આકાશો કરતાં મોટું છે.

૫. આપણા દેવ યહોવા જેવો કોણ છે? તે પોતાનું રહેઠાણ ઉચ્ચસ્થાનોમાં રાખે છે.

૬. આકાશમાં તથા પૃથ્વીમાં જે છે તે જોવાને તે પોતાને દીન કરે છે. તે ધૂળમાંથી રાંકને ઉઠાવી છે.

૭. તે ધૂળમાંથી રાંકને ઉઠાવી લે છે; અને ઉકરડા ઉપરથી દરિદ્રીને ચઢતીમાં લાવે છે.

૮. તેથી તે અમીર ઉમરાવો સાથે, એટલે પોતાના લોકોના અમીર ઉમરાવો સાથે બેસનાર થાય.

૯. તે વાંઝણીને તેના પોતાના ઘરમાં રાખે છે, તેને પુત્રોની આનંદી માતા બનાવે છે. યહોવાની સ્તુતિ કરો.

# ખરી ધાર્મિક જાગૃતિ!

## REAL REVIVAL!

### મુખ્ય મંડળી પર પાળક એસ સામ સેલ્વરાજ દ્વારા અપાયેલો સંદેશો

જ્યારે મેં 'ધાર્મિક જાગૃતિ' શબ્દ વિશે બાઈબલમાં તપાસ કરી, જે ખ્રિસ્તી વર્તુળોમાં વધારે પ્રમાણમાં વપરાય છે, ત્યારે તે શબ્દ મને મળ્યો નહિ. ધાર્મિક જાગૃતિ શબ્દનો અભ્યાસ કરવો જ એક મોટી શીખવા જેવી બાબત છે. જ્યારે લોકો ભારતમાં આત્મિક સભાઓ વિશે વાત કરે છે, ત્યારે સામાન્ય રીતે બોલાય છે કે, સુવાર્તા સભાઓ, ધર્મજાગૃતિની સભાઓ અને ક્રૂસેડો. કેટલાક દેશોમાં આવી સભાઓને "ધાર્મિક જાગૃતિ"ની સભાઓ કહેવામાં આવે છે. જે સંદેશો હું આજે તમારી સાથે વહેંચવા જઈ રહ્યો છું, તે એ છે કે પ્રભુએ થોડો વરસાદ રેડી દીધો, પુર્નજીવન, કે જે ઈશ્વર બહાર લાવે છે અથવા આત્મિક ધાર્મિક જાગૃતિ.

એવું જાણવા મળે છે કે 'ધાર્મિક જાગૃતિ' શબ્દ લેટીન ભાષામાંથી લેવામાં આવ્યો છે. અંગ્રેજી ભાષામાં તેનો અર્થ છે, "ફરી જાગૃત કરવું." 'વિવો'નો અર્થ છે. 'જીવન પ્રાપ્ત કરવું' અથવા 'જીવન પાછું મેળવવું', આનો અર્થ છે કે કોઈકે મૃત્યુના જડબામાંથી પાછા આવવું કે ફરી જીવન મેળવવું. તે મૂએલાંને સજીવન કરવા વિશે નથી, પણ એવી વ્યક્તિને જાગૃત કરવાની છે, જે નિષ્ક્રિય થઈ ગઈ છે. કોઈ માણસનું હૃદય કદાચ બંધ પડી જાય જ્યારે તેના પર હૃદયરોગનો હુમલો થાય. પણ તેના હૃદયને, તેને તાત્કાલિક સારવાર આપીને પાછુ ચાલું કરી શકાય છે. આ જીવન પાછુ લાવવાની પધ્ધતિને **'ધાર્મિક જાગૃતિ'** કહેવામાં આવે છે.

હું 'હેરોલ્ડ ઓફ હીજ કમિંગ' મિનિસ્ટ્રીના સ્વ. રેવ. એસ. દેવાદાસનના સેવાકાર્યનું ફળ હતો. અહિં, તમે સાંભળ્યું કે 'હેરાલ્ડ ઓફ હીજ કમિંગના ફળ કે ઉત્પાદન તરીકે મારી ઓળખાણ અપાઈ હતી. આપણે કહી શકીએ કે ધાર્મિક જાગૃતિ' કે 'ઉપજ' તે પવિત્ર

(અનુસંધાન પાન ૩ પર)



ઈકો ઓફ હીજ કોલ



**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**
**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**
**પ્રાર્થના કરવાની એક તક!**
**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**
**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**
દરરોજ - સવારે ૫.૦૦ વાગે
**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## from your dearly beloved brother...





### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Dr. A. Richard Samuel, M.A., Ph.D.
Rev. Dr. K.R. Rajasekaran

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**CORE LEADERS**
Bro. K. Puratchivendan
Dr. Rabinder Boaz, M.S.
Bro. A. Edward Durai
Bro. A. Alvin
Bro. K. Abraham
Sis. Dhanalakshmi Chinnaiah

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


**"...હું પૃથ્વીનાં ઉચ્ચસ્થાનો પર તને સવારી કરાવીશ; અને પિતા યાકૂબના વારસાથી હું તારું પોષણ કરીશ..." યશાયા ૫૮:૧૪**

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

ઘણી સારી બાબતો તમારી પાસે આવશે! સારા ઉત્સાહી બનો!

દુનિયામાં, સુવાર્તાનું કામ ઝડપથી થઈ રહ્યું છે. સુવાર્તાના પ્રચાર માટે આપણે એકલા જ ફક્ત કામ કરી રહ્યા નથી. ઘણી બધી મંડળીઓ અને ઘણી ખ્રિસ્તી સંસ્થાઓ તેમના ઈશ્વરના સેવકોને બહારના વિસ્તારોમાં મોકલી રહ્યા છે અને લોકોને પાપમાંથી, માંદગીમાંથી અને ગરીબીમાંથી છૂટકારો અપાવી રહ્યા છે. આપણે આ સંસ્થાઓ અને મંડળીઓ માટે સતત પ્રાર્થનાઓ કરવી જોઈએ અને ઈશ્વરના સેવકો માટે પણ. આપણે તેમને શક્ય તેટલી સહાયતા કરવી જોઈએ. આપણે બધા મતભેદો, ભેદભાવો ભૂલી જવા જોઈએ અને તે નાબૂદ કરવા જોઈએ, જે કોઈ મંડળીઓના સિધ્ધાંતો વિશે હોય અને એક સેન્ય તરીકે સાથે એકત્ર ઊભા રહેવું જોઈએ.



નવા ચર્ચનું સમર્પણ

**નહેમ્યા બાઈબલ કોલેજના** અમારા એક ભૂતપૂર્વ વિદ્યાર્થી પાળક જે. રાજામણી અને તેમના પત્નિ પાળક આર. વિમલને પાળકો તરીકે જાન્યુઆરીની ૨૬મી તારીખે પાલાવેરીકડુમાં નિમણૂંક કરવામાં આવી હતી. તે ભજનસેવા ઘણી આશીર્વાદિત રહી હતી. આવો આપણે પ્રાર્થના કરીએ કે ત્યાં જે દેવળ અને પાળકગૃહ બાંધવામાં આવ્યા છે, તે ઈશ્વરથી આશીર્વાદિત થાય. ઈશ્વરના સર્વ સેવકો અને ભારતના ગામડાઓની મંડળીઓ ખીલવી જોઈએ અને ઉપર ઊઠવી જોઈએ. અમે જાણીએ છીએ કે ભારતમાં ૭,૦૦,૦૦૦ ગામડાઓ છે. આપણે કોઈક રીતે વણખેડાયેલા ગામડાઓ સુધી સુવાર્તા સાથે પહોંચવું જોઈએ.

**ઈકો ઓફ હીજ કોલ પરિવારની જવાબદારી :**

ઈશ્વરના સેવકો જેઓ લોકોને વિનાશમાંથી છોડાવવાનો પ્રયત્ન કરતા પ્રામાણિકપણે કામ કરે



ઈકો ઑફ હીજ કોલનું કુટુંબ

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Media Ministry Online Courses Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners St. Paul's Matriculation School Crusades Community Development



*Servant of God engaged in evangelism*

છે, અને તેમને યોગ્ય માર્ગ પર દોરે છે, તેઓ ઘણુ સહન કરે છે. આપણે આવા લોકોની મૂળભૂત જરૂરીયાતો પૂરી પાડવી જોઈએ. શેતાન તેમના પર શારીરિક રીતે અને આત્મિક રીતે હુમલો કરે છે. આવા ઈશ્વરના સેવકો, જેમને તમે જાણો છો, તેમને તમારા નાણા અને ભૌતિક સહાયથી મદદ કરો. ઘણા ઈશ્વરના સેવકો, જેઓ પૈસાપાત્ર છે, તેમને જે શરૂઆતમાં તેડું અને દર્શન મળ્યા હતા, તે તેમણે ગુમાવી દીધા છે. તેઓ હવે તેમની પોતાની સગવડો વધારવામાં વ્યસ્ત રહે છે અને મિલકતો ખરીદી રહ્યા છે. સેવાકાર્યના નામમાં, તેઓએ મોટા મકાનો બંધાવ્યા છે, જેની ખરેખર જરૂર હોતી નથી અને આમ તેઓ તેમના માર્ગોથી ભટકી ગયા છે. કૃપા કરીને આવા લોકોને સહાયતા કરવાનું બંધ કરો અને જેઓ ખરી રીતે ઈશ્વરને માટે ખોવાયેલા આત્માઓને માટે કામ કરે છે, તેઓને સહાય કરો. આવા ઈશ્વરના સેવકોને શોધો અને તેમના પ્રયત્નોમાં તેમના ભાર ઊંચકો. ઈશ્વર તમને આશીર્વાદિત કરશે.

ત્યાં ઘણા એવા ઈશ્વરના સેવકો છે, જેઓ કરોડો લોકોને ખ્રિસ્ત વિના નરકમાં જતાં જુએ છે. તેમાંના કેટલાક ખ્રિસ્તના બીજા આગમનનો ઉપદેશ પણ આપે છે અને ખ્રિસ્ત કોઈપણ સમયે પાછા આવશે. તેની અપેક્ષા રાખવા આવા લોકોને નિર્દેશ આપે છે; પણ તેમની પાસે લાંબા ગાળાની યોજનાઓ હોય છે અને તેઓ મોટા મકાનો બાંધે છે, ઘણા કરોડો રૂપિયાના અંદાજ સાથે, અને ઘણી નાણાકીય યોજનાઓનો અમલ કરે છે. શું આ જરૂરી છે? શું આ કપટભરેલી છેતરામણી નથી? શું મંડળીના આગેવાનો આવી બાબતો કરી શકે? કૃપા કરીને આ વિશે વિચાર કરો અન ઈશ્વરના સેવકોને સહાયતા કરો, જેઓ ગરીબ છે, અને જેઓ આત્માઓના ખરા બોજ સાથે ઈશ્વરની સેવા કરે છે.

તે ડહાપણભર્યુ છે કે એવા પ્રચારકોને શોધવા જેમની પાસે સાયકલો પણ નથી અને આવી નાની મંડળીઓ શોધવી જેમની પાસે યોગ્ય છત પણ નથી અને ઈશ્વરના સેવકોને, જેઓ અપેક્ષા રાખે છે કે ઈશ્વર તેમના આગળના ભોજનની વ્યવસ્થા કરશે! આપણે અન્યોથી છેતરાઈ ન જઈએ, તેની કાળજી રાખવી જોઈએ.

કેટલાક લોકો કપટી યોજનાઓનો અમલ કરે છે, જે તેઓ તેમના વ્યવસાયમાંથી શીખ્યા હોય છે. તેઓ તેમની ઉત્પાદનોની યાદીમાં, જે તેઓ વચે છે, તેમાં પણ ઈશ્વરને અને તેમના સેવાકાર્યને ઉમેર્યા છે અને તેમના પોતાના વ્યવસાયની જેમ સેવાકાર્ય કરે છે. કૃપા કરીને આવા લોકોને ઓળખો અને ડહાપણથી વર્તો. અમે ચોક્કસ તમારા માટે પ્રાર્થના કરીશું.

અમે અમારી **નહેમ્યા બાઈબલ કોલેજ**ના સ્તરને ઊંચે લઈ જવાનું નક્કી કર્યુ છે અને ઈશ્વરના સેવકોને તાલિમ આપીએ છીએ અને બી.ટીએચ. ડીગ્રી પદવીના કાર્યક્રમને પણ ઉમેરી રહ્યા છીએ. આની શરૂઆત કરતા, અમે બી.ટીએચ ડીગ્રી કાર્યક્રમને ઓનલાઈન પ્રસારિત કરવા જઈ રહ્યા છીએ. અમે પ્રેમપૂર્વક તમને વિનંતી કરીએ છીએ કે તમારી પોતાની મંડળીઓમાં અને જે લોકોને તમે જાણો છો, તેમની સાથે આ બાબત વહેંચશો અને ઘણા વિદ્યાર્થીઓને અમારી સાથે જોડાવવા દોરવણી આપશો. અમે આ બાબતમાં તમારા અભિપ્રાયોની અને સૂચનાઓની અપેક્ષા રાખીએ છીએ. વધુ વિગતો માટે કૃપા કરીને અમારો સંપર્ક કરશો. પ્રભુ ઈસુ તમને આશીર્વાદિત કરો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**
**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**
(+91) 98412 71858 / 98410 71858,
E.mail : samselvaraj333@gmail.com

(પાન ૧ પરથી આગળ...)

આત્માનું ઉત્પાદન છે અથવા તે પવિત્ર આત્મા દ્વારા લાવવામાં આવ્યું છે. જ્યાં કંઈ પવિત્ર આત્મા કાર્યો કરે છે, ત્યાં આપણે ધાર્મિક જાગૃતિ થતી જોઈ શકીએ છીએ. આ માનવીય કૃત્ય થતી; પણ તે પ્રભુનું કાર્ય છે. અધાર્મિકો વચ્ચે ધાર્મિક જાગૃતિ થતી નથી.

ધાર્મિક જાગૃતિ નબળા સંતોને પાંખો આપે છે અને ફરીથી ઈશ્વરની નજીક આવવા માટે તૈયાર કરે છે. તે પાછા હઠનારાઓને ભાનમાં લાવે છે અને તેમને પાછા માર્ગો પર મૂકે છે. ધાર્મિક જાગૃતિ ઈશ્વરની હાજરીને સમાજમાં ચિત્રિત કરે છે અને ઈશ્વરના રાજ્ય વિશેની રાષ્ટ્રોની અજ્ઞાનતાને દૂર કરવામાં મદદરૂપ થાય છે અને અલૌકિક જાગૃતતા લાવે છે.

મોટી વિસ્ફોટક જાગૃતિ માટે, હમેશ મૂજબની પ્રાર્થના પૂરતી નથી, પણ આપણને કંઈક અસાધારણ કરવાની જરૂર હોય છે. ખરી ધાર્મિક જાગૃતિ આધૂનિક સંગીત વાજીંત્રોથી અથવા ઘણા બધા અવાજો કરીને અથવા નવીનતમ નૃત્યો કરીને લાવી શકાતી નથી. તે આપણા ઘુંટણિંયે નમી પડવાથી આવે છે. ચેન્નાઈ શહેર સંખ્યાબંધ મંડળીઓથી આશીર્વાદિત છે. પણ કેટલાક વિસ્તારો હજુ પણ વણખેડાયેલા છે. એક સમયે, આપણા **ઈકો ઓફ હીજ કોલ** મંડળીનો વિસ્તાર એવી જ એક જગ્યા હતી. ઈશ્વરના ઘણા બધા સેવકો એ નિષ્કર્ષ પર આવ્યા હતા કે કોઈથી પણ પ્રભુની સુવાર્તા સાથે ત્યાં પહોંચી શકાશે નહિ. પણ ઈશ્વરે મને તેમની સુવાર્તા સાથે આ નકારાયેલી જગ્યામાં પહોંચવા એક બોજ આપ્યો હતો. તે પૂર્ણ કરવા માટે, તે માટે ઘણી પ્રાર્થનાની અને ધીરજની જરૂર હતી. ઘણી બધી સંખ્યામાં લોકો જે વિનાશ તરફ જઈ રહ્યા હતા, તેઓ પ્રભુની પાસે સુવાર્તા મારફત આવી

શક્યા હતા. મંડળી અસ્તિત્વમાં આવી હજી. પિતા, પુત્ર તથા પવિત્ર આત્માના નામમાં ઘણા લોકોએ બાપ્તિસ્મા લીધું હતુ અને મંડળીમાં ઉમેરાયા હતા.

આ ધાર્મિક જાગૃતિને લીધે, પેરાગોન સિનેમાઘર, ન્યૂ એલ્ફીસ્ટોન સિનેમાઘર, વેલિંગ્ટન સિનેમાઘર, સ્ટાર સિનેમાઘર વગૈરે જે અમારા વિસ્તારોની નજીક હતા અને જેઓ ઘણી બધી દુષ્ટતાઓના સ્ત્રોત હતા, તેમને તોડી પાડવામાં આવ્યા હતા અને તેમની જગ્યાએ, કેટલાક મકાનો ઊભા થયા હતા. ઘણા લોકો જેઓ ખરાબ આદતોમાં, હિંસક કૃત્યોમાં સંડોવાયેલા હતા અને નશાના બંધાણીઓ થયા હતા અને ધિક્કારજનક કાર્યોમાં સંડોવાયેલા હતા, તેમનું હૃદય પરિવર્તન થયું હતું, જીવંત ઈશ્વરે તેમને પાસે લીધા હતા અને તેઓ અમારી મંડળીમાં જોડાયા હતા અને પ્રભુને માટે સાક્ષીરૂપ જીવન જીવતા થયા હતા.

હવે આપણે માટે આ વિચાર કરવાનો છે કે આ ધાર્મિક જાગૃતિ હંગામી છે? કે કાયમી છે? તે કેવી રીતે ટકાવી શકાય?

આ દુનિયામાં આવી ધાર્મિક જાગૃતિઓ ઘણા દેશોમાં થતી રહે છે. દાખલા તરીકે, સ્કોટલેન્ડ અને કોરિયા. ઈશ્વરભક્ત જોન નોકસે સ્કોટલેન્ડમાં ધાર્મિક જાગૃતિ માટે ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી હતી. પ્રભુએ મોટી ધાર્મિક જાગૃતિ મોકલી હતી. તેને પરિણામે, મોટી સંખ્યામાં, લોકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. દેશની પ્રગતિ થઈ હતી. ત્યાં આર્થિક ઉન્નતિ થઈ હતી. ઘણી બધી સંખ્યામાં દેવળો બંધાયા હા, મંડળીઓ બંધાઈ હતી. દરેક જગ્યામાં, ત્યાં પ્રાર્થના સભાઓ અને આત્મિક પ્રવૃત્તિઓ થવા માંડી હતી. ઘણી સંખ્યામાં પુરુષોએ અને સ્ત્રીઓએ પસ્તાવો કર્યો હતો અને પ્રભુના સાનિધ્યમાં આવ્યા હતા; અને સુવાર્તાનો પ્રચાર કર્યો હતો. આને કારણે, ભારતમાં અને બીજા દેશોમાં ઘણી સંખ્યામાં દેવળો, શાળાઓ અને હોસ્પિટલો બંધાયા હતા. પણ આજે આ દેશની (સ્કોટલેન્ડની) પરિસ્થિતિ કેવી છે?

જ્યારે મેં હાલમાં આ દેશની મુલાકાત લીધી હતી, મારા આઘાતની વચ્ચે, કેટલાક સમાચારો મારી રાહ જોઈ રહ્યા હતા. આજે જે લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે, તેમની સંખ્યા ઓછી થઈ રહી છે. ઘણા લોકો ઈસુ ખ્રિસ્ત વિના જીવી રહ્યા છે. ઘણા મોટા દેવળો વિધર્મીઓને વેંચાઈ ગયા છે અન તે જગ્યામાં મૂર્તિપૂજા થઈ રહી છે, ઘૃણાસ્પદ વેપાર માટે વ્યાવસાયિક કેન્દ્રો બની ગયા છે, શરાબના અડ્ડા, નૃત્ય સભાખંડો, નાટકગૃહ, અશ્લીલ ચલચિત્રો બતાવનાર સિનેમાઘરો અને જે બાબતોની અહિ નોંધ કરી શકાય નહિ એવા કેન્દ્રો બની ગયા છે, અફસોસ એ છે કે, આ મકાનો પર વધસ્તંભનું પ્રતીક હજુ પણ રાખવામાં આવ્યું છે!

આ દેશમાંના એક ઈશ્વરભક્તે એક મોટા સભાગૃહમાં ઈશ્વરનું વચન વહેંચવા માટે મને આમંત્રણ આપ્યું હતુ. આમંત્રણ આપતી વેળાએ, તેણે જે કહ્યું તે હતું, ''પાળક, આ લોકો ઈસુ ખ્રિસ્ત કે ખ્રિસ્તી ધર્મ વિશે જાણતા નથી. તમારો સંદેશો આપણા જીવંત ઈશ્વર ઈસુ ખ્રિસ્તનો પરિચય આપતો હોવા દો!'' જો કે મને સાંભળવા તે ઘણું અજુગતુ લાગ્યું હતું, તો પણ જ્યારે મેં પ્રભુ ઈસુ ખ્રિસ્તના મૂળભૂત સત્ય વિશે સુવાર્તાનો ઉપદેશ આપ્યો, ત્યારે તે દેશના ઘણી બધી સંખ્યામાંના લોકોએ પસ્તાવો કર્યો અને આંસુઓ સાથે આગળ આવીને પ્રભુ ઈસુ ખ્રિસ્તનો તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો. તે એક અદ્‌ભૂત દશ્ય હતુ.

તેમના પાછા હઠવાનું કારણ શું હતું? તેઓએ તેમનો પ્રથમનો પ્રેમ ગુમાવ્યો હતો. દુન્યવી શિક્ષણ, આર્થિક સમૃધ્ધિ, રમતિયાળ જીવન, માદક દ્રવ્યો, વગેરેએ તેમના મનને લાગણી વિનાના કરી નાખ્યા હતા, અને તેમનું પ્રાર્થનામય જીવન જરૂરી નથી એમ તેઓ વિચારતા હતા. તેમણે તેમના જીવનોમાંથી પવિત્રતા દૂર કરી દીધી હતી.

તેનાથી વિપરિત, કોરિયાને જુઓ, જેઓ ધાર્મિક જાગૃતિના સાક્ષીરૂપ બન્યા હતા.

જ્યારે કોરિયા આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક રીતે નબળૂ પડ્યું હતું, ત્યારે ઈશ્વરે એક માણસ, પોલ-યોન્ગી-

(આગળ પાન ૬ પર...)


## નહેમ્યાહ બાઈબલ

નીવાસી અને સાંધ્ય કોલેજ

વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ

માધ્યમ : हिंदी/तामिल

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર - ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો

દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!** મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ એપ્રિલ ૨૦૨૩ થી ૧૮ મે ૨૦૨૩ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ એપ્રિલ** : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયા માટે.

**૨૦ એપ્રિલ** : અમારા પ્રકાશનો જે ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે, તેના પરના તેમના આશીર્વાદો માટે.

**૨૧ એપ્રિલ** : ઓસ્બરી ધાર્મિક જાગૃતિ મારફત પાછલા વરસાદ સાથે યૂએસએ પરના આશીર્વાદો માટે.

**૨૨ એપ્રિલ** : આપણા વડિલ પાળક એસ.સામ સેલ્વરાજના તેમની મિનિસ્ટ્રીયલ મુલાકાતો પરના આશીર્વાદો માટે.

**૨૩ એપ્રિલ** : આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજના **૫ મિનિટના યૂટ્યૂબ સંદેશાઓ** મારફત ઊભી થયેલી સાક્ષીઓ માટે.

**૨૪ એપ્રિલ** : **સેન્ટ પોલ મેટ્રીક્યૂલેશન સ્કૂલ** તથા **નહેમ્યા બાઈબલ કોલેજની** સર્વ પ્રવૃતિઓ માટે.

**૨૫ એપ્રિલ** : અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ના સર્વ વિદ્યાર્થીઓએ તેમની ૧૦મા ધોરણની પરિક્ષા સફળતાપૂર્વક પૂરી કરવાના આશીર્વાદો માટે.

**૨૬ એપ્રિલ** : અમારી સંસ્થામાં નવા ઉમેદવારોની ભરતી કરવાના આશીર્વાદો માટે.

**૨૭ એપ્રિલ** : અમારા સર્વ સહસંપાદકો માટે અને તેમના કુટુંબના સભ્યો માટે

**૨૮ એપ્રિલ** : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ના નવા બીટીએચ ઓનલાઈન અભ્યાસક્રમ શરૂ કરવાના આશીર્વાદો માટે.

**૨૯ એપ્રિલ** : અમારા **બાઈબલકોર** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પરના આશીર્વાદો માટે.

**30 એપ્રિલ** : અમારી મિનિસ્ટ્રીય મૂસાફરીઓને આશીર્વાદિત કરવા માટે.

**૦૧ મે** : અમારી સંસ્થાના કર્મચારીઓને અને તેમના કુટુંબોને સુરક્ષિત રાખવાના આશીર્વાદો માટે.

**૦૨ મે** : અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને સર્વ દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખ્યા તે માટે.

**૦૩ મે** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ના રજત જયંતીના ઉજવણીના દિવસને આશીર્વાદિત કરવા માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ મે** : દુનિયાભરના જે દર્દીઓ લાંબા સમય માટે અને લાંબી માંદગીઓ સાથે હોસ્પિટલોમાં પીડાઈ રહ્યા છે તેમને માટે.

**૦૫ મે** : **ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ** ચેનલના નવા સબસ્ક્રાઈબો માટે.

**૦૬ મે** : અમારા ઉત્તર ભારતના મિશનરીઓ અને તેમના પરિવારો માટે.

**૦૭ મે** : સેવાકાર્યો અને મિશનરીઓ વિરુધ્ધ થતા અત્યાચારો બંધ થાય તે માટે.

**૦૮ મે** : દરેક પ્રકારના દુષ્ટ પરિબળોથી આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યો સુરક્ષિત રહે તે માટે.

**૦૯ મે** : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**નો સમારંભ જે ૩જી જૂન, ૨૦૨૩ના રોજ થવાનો છે, તેને માટે.

**૧૦ મે** : સર્વ મંડળીઓ આત્માઓ જીતે અને ધાર્મિક જાગૃતિ થાય તે માટે.

**૧૧ મે** : હાલના ધરતીકંપમાંથી થયેલા નુકસાનમાંથી તૂર્કી અને સિરીયા પૂનઃસ્થાપિત થાય તે માટે.

**૧૨ મે** : અમારા સુવાર્તા છાપખાના માટે અને તેની રોજની પ્રવૃત્તિઓ માટે.

**૧૩ મે** : અમારી મિનિસ્ટ્રીજની નાણાકીય જરૂરીયાતો પૂરી થાય તે માટે પ્રાર્થના કરશો.

**૧૪ મે** : લાયક વિદ્યાર્થીઓ અમારા **નહેમ્યા બાઈબલ કોલેજમાં બીટીએચના ઓનલાઈન અભ્યાસક્રમ** માટે પ્રવેશ મેળવી શકે તે માટે.

**૧૫ મે** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ના શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિદ્યાર્થીઓના પ્રવેશ માટે

**૧૬ મે** : અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ**માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં લાયક વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે તે માટે.

**૧૭ મે** : અમારી સંસ્થાના કાર્યકરો એક મનથી અને એકતા સાથે કામ કરી શકે તે માટે.

**૧૮ મે** : અમારા સર્વ સહાયક સંપાદકો અને તેમના કુટુંબો માટે.

(પાન ૪ પરથી આગળ...)

ચોને ઊંચે ઉઠાવ્યો હતો. ઈશ્વરે તેની પ્રાર્થનાઓનો જવાબ આપ્યો હતો અને એક મોટી ધાર્મિક જાગૃતિ મોકલી હતી. આ ધાર્મિક જાગૃતિને કારણે, આ દેશ દુનિયાના વર્તુળમાં, આર્થિક રીતે અને શૈક્ષણિક રીતે ઘણી મોટી સમૃધ્ધિતા સાથે વધ્યો હતો. ઈશ્વરભક્ત અને ઈશ્વરના લોકોએ બંધ કર્યા વગર પ્રાર્થનાને મહત્ત્વ આપવાનું ચાલુ રાખ્યુ હતુ અને પવિત્ર જીવન જીવવાનું ચાલુ રાખ્યું હતું. સર્વ મંડળીઓમાં દરરોજ પ્રાર્થનાઓ કરવામાં આવતી હતી. મોટા પ્રાર્થનાના કેન્દ્રો બાંધવામાં આવ્યા હતા અને રાતદિવસ સતત પ્રાર્થનાઓ થવા લાગી હતી. આ સતતની પ્રાર્થનાઓને કારણે, સુગંધના સ્તંભો સ્વર્ગમાં અવિરતપણે મોકલવામાં આવે છે.

અહિં ઈશ્વરના સેવકોએ પોતાનો પ્રથમ પ્રેમ, પ્રાર્થના માટેની તરસ, તેમની પવિત્રતા અને ધાર્મિક જાગૃતિની અસરના પરિણામોને ગુમાવ્યા ન હતા, અને સર્વ રીતે સુરક્ષિત રાખ્યા હતા; આને કારણે, કોરિયન રાષ્ટ્ર ઉત્તમ રાષ્ટ્ર બન્યુ છે. હું દક્ષિણ કોરિયા વિશે વાત કરું છું. અતિશયોક્તિ ન હોય કે મોટી સંખ્યામાં અહિં ઈશ્વરભક્તો ઉભા થયા છે; અને તેઓ દુનિયાને ઉથલપાથલ કરી રહ્યા છે!

તેથી મોટી ધાર્મિક જાગૃતિ રેડી દેવા માટે, પ્રામાણિક પસ્તાવાની અને ઉત્સાહપૂર્વક પ્રાર્થનાની જરૂર છે. સમર્પિત ઈશ્વરના લોકોના જૂથની સાથે, જેઓ રાષ્ટ્ર માટે ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરે છે, તેમણે આ ધાર્મિક જાગૃતિને સુરક્ષિત રાખવાની પણ જવાબદારી પાર પાડવાની છે. જો આપણે ભાંગી પડીશું, તો ધાર્મિક જાગૃતિનો અગ્નિ પણ બૂઝાઈ જશે. આવો વેદીમાંના અગ્નિને સતત સળગતો રાખીએ!

## વાસ્તવિક ધાર્મિક જાગૃતિની બે બાજુઓ!

**૧. ઈશ્વરના લોકો મધ્યે જીવંત ધાર્મિક જાગૃતિ**

**૨. ઈશ્વરની હાજરીની પુનઃસ્થાપના**

## ૧. ઈશ્વરના લોકો મધ્યે જીવંત ધાર્મિક જાગૃતિ

ઉત્સાહપૂર્વકની પ્રાર્થના અલૌકિક કુદરતી ધાર્મિક જાગૃતિ લાવશે. સંત પાઉલ લોકોને કહે છે, **"તેથી ભાઈઓ, હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની ખાતર તમે તમારા શરીરોનું જીવતું પવિત્ર... અર્પણ કરો... તમારાં મનથી નવીનતાને યોગે... રૂપાંતર પામો."** રોમનોને પત્ર ૧૨: ૧, ૨. હવે મંડળીઓમાં તથા ખ્રિસ્તી સંસ્થાઓમાં પ્રેરિતીય આત્મિક અનુભવો વિશે કહેવાનું ઓછું કરવામાં આવ્યું છે અને મતલબી બાબતો વધુ પ્રચલિત થઈ છે. હાલના દિવસોની ઉપવાસની પ્રાર્થનાઓ ચમત્કારિક સભાઓમાં પરિવર્તત થઈ ગઈ છે અને રાષ્ટ્રો માટે જાગૃતિની પ્રાર્થના સભાઓ નાણા કમાવાની ધાર્મિક જગ્યા બની ગઈ છે. જે લોકો રાષ્ટ્ર માટે પ્રાર્થના કરવાના બોજ સાથે પ્રાર્થના સભામાં હાજરી આપે છે કે તે ઈશ્વર દ્વારા મળવું જોઈએ, જેથી હિંસા, ભ્રષ્ટાચાર અને શાપ સંપૂર્ણપણે દૂર થઈ જાય, તેઓ સેવાકાર્યના ભાગીદારોમાં બદલાય ગયા છે.

આપણા દેશો માટે વાસ્તવિક આત્મિક ધાર્મિક જાગૃતિ થાય તે માટે પ્રથમ ઈશ્વરના બાળકોએ પોતાના જીવનો ઈશ્વરની ઈચ્છાને સમર્પિત કરવા જોઈએ અને મનોને તપાસીને બદલાવા જોઈએ.

આનાથી વિપરિત, કંઈક નવુ કરવાના દેખાવા નીચે, આજની મંડળીઓએ ખોટી બાબતો લોકોની આગળ દાખલ કરી છે અને તેમના ધ્યેયને પૂરા કરવા યાદીઓ બનાવે છે; અને જાહેર કરે છે કે આ મોટી ધાર્મિક જાગૃતિ છે. જ્યાં સુધી લોકોના જીવનોમાં જે બદલાવે થવા જોઈએ, ત્યાં સુધી તેમની પ્રાર્થનાઓ, સંગીત અને નૃત્યો, આર્કષિત મંચો; અને નવીનતમ સેવાની યોજનાઓ, એ સર્વ નકામા છે. જો કોઈ આજના આ અસાધારણ ઈશ્વરના સેવકોની પાસે જશે, તો તેઓ ખરાબ બાબતોનો અભ્યાસ કરી શકશે, જેમ કે અશુદ્ધ નાણાની લાલસા, ઘમંડ તેમના આંતરિક હૃદયમાં સ્વાર્થ, જે ખરાબ ગંધ બહાર કાઢે છે. કેટલાક લોકો ઈશ્વરના રાજ્યના ફેલાવાને બાજુ પર રાખે છે અને કહે છે, "મારી મંડળી",

(...પાન ૯ પર આગળ...)


**ST. PAUL'S MATRICULATION SCHOOL**

**Medavakkam, Chennai.**
**Division of ECHO OF HIS CALL**

***needs Christian Teachers & Staff for the following categories / jobs:***

- Physical Education
- Maths
- Physics
- Chemistry
- Security staff &
- Sub staff
- Kindergarten
- Hindi
- English
- Secondary Grade

Phone & WhatsApp No. **98410 71858**

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. પાળકોના સલાહ પરામર્શ - રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૧૮. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. મધ્ય-અઠવાડિક બાઈબલ અભ્યાસ - બુધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૦. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૨૧. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૨. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૩. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૪. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૫. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૬. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૭. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૮. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૯. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૩૦. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૧. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ મિનીસ્ટ્રી, ચૈન્નઈ

### જોઈયે છીએ

**૧. પ્રિન્સિપાલ**
નહેમ્યા બાયબલ કોલેજ
પાત્રતા : એમ.ડીવ. કે એમ. ટેક.
**૨. સંગણક કાર્યકરો**
કંપ્યુટર અને ટાઈપિંગના જ્ઞાન સાથે
**સંપર્ક: ઈમેલ:** sam@echoofhiscall.org
**વૉટસ્અપ: +91-98412 71858**

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)


**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

# ઈકો ઓફ હીજ કોલનું છાપખાનું!

વર્ષ ૧૯૬૯-૧૯૭૧ના સમય દરમિયાન, જ્યારે હું એક જુવાન છોકરો હતો, ત્યારે હું ઈશ્વરના સેવક, મરહૂમ પાળક એસ. દેવાદાસનને માટે એક કનિષ્ઠ વ્યક્તિ તરીકે કામ કરતો હતો, તેમના માસિક-સામયિક "હેરાલ્ડ ઓફ હીજ કમિંગ"ના કાર્યાલયમાં અને તેમના છાપખાનામાં પણ.

આ પાળકે મને પ્રભુના સેવાકાર્યમાં દુઃખો અને ભલાઈ વિશે શીખવ્યુ હતુ અન પ્રભુની સેવા કરવાની પદ્ધતિ વિશે પણ. તમણે મને કાર્યાલયીન તથા વહિવટી કામકાજો વિશે પણ શીખવ્યુ હતુ. હું તેમના હિસાબ તપાસનીસ શ્રી. વેદામણીના હાથ નીચે હિસાબ પદ્ધતિ પણ શીખ્યો હતો.

તે સમયે અમારા પાળકે છાપખાનાનું નવું મશિન ખરીદ્યું હતું. ત્યાં શ્રી. રાજ નામના એક જ તકનીકી નિષ્ણાત હતા. તે એક જૂની પદ્ધતિનું મશિન હતું, જે હાથથી ચલાવવામાં આવતું હતું. જો આપણે એકવાર હાથથી ફેરવીએ, તો આપણે એક સમયે એક જ પાનુ છપાવી શકીએ.




મેન્યુઅલ પ્રિન્ટીંગ મશીન

હું તે મશિનના હાથાને આનંદથી ફેરવતો, જો કે તે કઠીણ કાર્ય હતુ. મારે સંપૂર્ણ સામયિક છાપવા માટે તેને ૫૦૦૦૦ વાર ફેરવવું પડતું હતું. જ્યારે પણ હું તે મશિનના હાથાને ફેરવતો, ત્યારે દરેક વખતે હું બોલતો, "પ્રભુની સ્તુતિ થાઓ." આમ "પ્રભુની સ્તુતિ થાઓ" હું ૫૦૦૦૦ વખત બોલતો. મારા પાળકને મારી તરફ જોવાની ટેવ પડી ગઈ હતી અને તેઓ પ્રોત્સાહિત થયા હતા.

તેઓ મને "ન્યૂ લાઈફ" સામયિકના કાર્યાલયમાં પણ લઈ ગયા, જે પાલાયામકોટાઈમાં આવેલું હતું, અને તે છાપખાનામાં સામયિક કેવી રીતે છપાય છે, તે મને બતાવ્યું હતું. મે તે છાપખાનાનું જૂનૂં મશિન અને જે લોકો નીચે બેસતા હતા અને સામયિકોને વાળતા હતા, તે સર્વ બાબતો જોઈ. તેઓ સામયિકોની ગાસડીઓ બાંધતા હતા અને તે ટપાલ કાર્યાલયમાં લઈ જતા હતા. જ્યારે મેં તેમને તે કામ કરતા જોયા, ત્યારે મારામાં તે પ્રકારની સેવા કરવાની ઈચ્છા વિકસિત થઈ. તે સમયથી, મારા હૃદયમાં સુવાર્તા માટે છાપખાનું હોવાનો વિચાર આવવા લાગ્યો હતો. તે વિશે હું ઘણા લોકોને પૂછતો હતો.

એક વાર મારે એક સ્થળે જવાનું થયું, જ્યાં ૧૦૦ ઓફસેટ છાપખાનાના મશિનો એક હરોળમાં મૂકવામાં આવ્યા હતા. તે એક ઈશ્વરના સેવકની માલિકીનું હતું. મેં તેમને તે મશિનની કિંમત પૂછી હતી. તેમણે જવાબ આપ્યો હતો કે, "આ ફક્ત પૈસાદાર લોકોથી જ ખરીદી શકાય છે. તમે આ ખરીદી શકતા નથી! જો કોઈ તમને તે દાન તરીકે આપે તો પણ, તમે તેને જાળવી શકતા નથી." તે સાંભળીને મારુ હૃદય ભાંગી ગયું હતું. હું સીધો મારા સ્થળે ગયો, ઘુંટણિયે પડ્યો અને મારા ઈશ્વરને તે વાર્તાલાપ વિશે કહ્યું.




ઈશ્વર પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી. ઈશ્વરે મને છાપખાનાનું એક જૂનું મશિન આપ્યું. આજ પ્રકારનું મશિન દક્ષિણ આફ્રિકાના બ્લોમફોઈન્ટેનના સંગ્રહાલયમાં જોવા મળતું હતું. ઈશ્વરે જે છાપખાનાનું મશિન મને આપ્યું હતું, તે આવુ પ્રાચીન મશિન હતું. તે ચેન્નાઈના વોશરપેન્ટના ભાઈ સુંદરમ પાસે હતું. અને તેઓ તે વાપરી શકતા ન હતા, તેથી તેમણે તે મને સસ્તી કિંમતે આપ્યુ હતું.

પાછળથી, ઈશ્વરે મને સુધારણા કરવામાં અને મારા સુવાર્તા છાપખાનાને વિકસાવવામાં સહાય કરી હતી. આજે, ઈશ્વરે મને સ્વયંસંચાલિત ઓફસેટ છાપખાનું અપાવ્યું છે, જેમાં અમે ૧૬ ભાષાઓમાં **ઈકો ઓફ હીજ કોલ**ના સામયિકો છાપાવી શકીએ છીએ. અમે અલગ અલગ ભાષાઓમાં ઘણા આત્મિક વિષયના



હાલનું સ્વયંસંચાલિત ઓફસેટ પ્રિન્ટિંગ મશીન

પુસ્તકો પણ છાપીએ છીએ અને ઈશ્વરની કૃપાથી, અમે દુનિયાભરમાં તે કોઈ પણ કિંમત વગર મફત મોકલીએ છીએ!

આ સ્થિતિમાં પહોંચવા માટે, મારે ઘણાં મુશ્કેલ માર્ગો પરથી પસાર થવું પડ્યું હતું. શું તમે પણ આવા મુશ્કેલ માર્ગો પરથી પસાર થઈ રહ્યા છો? પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમને એવા સેવાકાર્ય કરવામાં સહાય કરશે જે તેમણે તમને આપ્યું છે. તમે નિરાશ થશો નહિ.

**‘‘...જે વાનાં આંખે જોયાં નથી, અને કાને સાંભળ્યાં નથી, જેઓ માણસના મનમાં પેઠાં નથી, જે વાનાં દેવે પોતાના પર પ્રેમ કરનારાઓને સારું સિદ્ધ કર્યાં છે.’’** (૧ કરિંથીઓને પત્ર ૨:૯)

*************

(પાન ૬ પરથી આગળ...)

‘‘મારું સેવાકાર્ય’’, ‘‘મારા મિશનરીઓ’’, ‘‘મારી વાડી’’, ‘‘મારો બૂરજ’’ વગેરે. આવુ વલણ દૂર કરવું જોઈએ અને જુઓ કે પ્રભુ શું જુએ છે. તે કોયડાજનક છે કે જ્યારે ઈશ્વરનો સેવક સેવાકાર્યની આડમાં કંઈક કાઢવાના ઈરાદા સાથે બીજાને મળે છે અને આ રીતે મુલાકાતને વ્યવસાયમાં ફેરવી નાખે છે.

## ૨. ઈશ્વરની હાજરીની પુનઃસ્થાપના!

છેલ્લા ત્રીસ વર્ષોમાં, મોટી સંખ્યામાં ઈશ્વરના સેવકો ઊભા થયા છે. તેવી જ રીતે મિનિસ્ટ્રીજની સંખ્યા પણ વધી છે. પણ, સારા ઈરાદાઓને વિકસાવાને બદલે, મુંઝવણો અને ખરાબ વિચારો, વધ્યાં છે! ત્યાં મંડળીઓમાં અને સમાજોમાં લોકો છે, જેઓ ઘણા વર્ષોથી ખાસ બાબત માટે પ્રાર્થના કરવા આગળ આવ્યા છે. કેટલાક આત્માઓ આ મંડળીથી તે મંડળી સુધી કોઈપણ સંતોષ વગર ભટકી રહ્યા છે! જે મંડળીઓ દુન્યવી રાજકારણને બદલવા શક્તિમાન છે, તેઓ તેની આગળ ધ્રૂજી રહ્યા છે!

તે તો ઈશ્વરની ઈચ્છા છે કે ઈશ્વરના સેવકોના સામર્થ્યવાન ઉપદેશે લોકોના જીવનોમાં બદલાવ લાવવા જોઈએ અને શેતાને ધ્રુજવું જોઈએ. પણ આને દૂર કરવામાં આવ્યું છે અને મિનિસ્ટ્રીજનો મહિમા ઓછો થઈ ગયો છે. કેમ? તે હકીકત છે કે ઈશ્વરે તેમની હાજરીને દૂર કરી દીધી છે. તેથી, તે આપણા માટે છે કે આપણે આત્મનિરિક્ષણ કરવું જોઈએ કે ક્યાં આપણે ઈશ્વરની હાજરી ગુમાવી છે અને કેવી પરિસ્થિતિમાં પ્રેરિતીય અભિષેક આપણી પાસેથી લઈ લેવામાં આવ્યો છે. પ્રાર્થનાનો આત્મા અને વિનંતીનો આત્મા મંડળીઓમાં અને કુટુંબોમાં રેડાવો જોઈએ. જ્યારે આ રેડાશે, ત્યારે લોકો ધાર્મિક જાગૃતિ માટે પોકાર કરશે. નાશ પામતા આત્માઓનો બોજ તેમને દુઃખી કરશે અને તેમને કોઈપણ સર્મપણ કરવા આગળ આવવા દોરશે.

હવે તે સમય છે કે આપણે ધાર્મિક જાગૃતિના સાક્ષીરૂપ બનીએ. તેથી જ પ્રભુએ આપણને આ દુનિયામાં આ સમયે જીવંત રાખ્યા છે. સર્વ મર્ત્ય કામો અને સ્વાર્થી મિનિસ્ટ્રીને દૂર કરી દો અને પ્રભુ પાસે આવો અને બોજ સાથે ધાર્મિક જાગૃતિની મોટી ફસલ માટે પ્રાર્થના કરો. તમારા પગોને કામ કરવા તૈયાર કરો. ઈશ્વર તમને આશીર્વાદ આપો!

***********

## ગીતશાસ્ત્ર ૧૨૧ : ૭-૮

‘‘સર્વ દુઃખથી યહોવા તારું રક્ષણ કરશે; તે તારા આત્માની સંભાળ રાખશે. હમણાંથી તે સર્વકાળ સુધી તારી સર્વ હિલચાલમાં યહોવા તારું રક્ષણ કરશે.’’

૧. **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી જે નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહી છે, તે બદલાવું જોઈએ.

૨. પ્રભુની સેવા કરવા માટે પ્રભુએ લોકોને દર્શન આપવું જોઈએ. અમને આવા સમર્પિત કાર્યકરોની અમારા ચેન્નાઈના કાર્યાલયમાં, ગ્રામ્ય ઉચ્ચ માધ્યમિક શાળામાં, અમારી બાઈબલ કોલેજોમાં, સુવાર્તા છાપખાનામાં, મંડળીઓમાં અને અમારા મિશન વિસ્તારોમાં જરૂર છે.

3. જે સઘળા લોકો ઈશ્વરની મિનિસ્ટ્રીમાં અવરોધ લાવે છે, તેઓએ પસ્તાવો કરવો જોઈએ.

૪. જે પાળકો બધી સગવડોનો આનંદ માણે છે, તેમણે ફક્ત તેમના વિકાસોનો જ વિચાર કરવો ન જોઈએ, પણ તેમના નાણાનો ઉપયોગ ગામડાઓમાં દેવળો બાંધવા માટે કરવો જોઈએ, જ્યાં દેવળો નથી. એક ઈશ્વરભક્તે કહ્યું, ‘‘જો ઈશ્વરના ઘણા મહાન સેવકોના હાથમાં વણવપરાયેલા નાણાં છૂટાં થાય, તો તેનો ઉપયોગ ભારતના એવા સઘળા ગામડાઓમાં એક કે વધુ દેવળો બાંધવા માટે થઈ શકે છે, જ્યાં કોઈ દેવળ નથી. ‘‘કૃપા કરીને આને ધ્યાનમાં રાખશો, અને આને માટે પ્રાર્થના કરશો.’’

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ
### સબસ્ક્રાઈબ કરો

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 17th APRIL 2023**

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**